# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 13-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ આજે અમદાવાદ, ગાંધીનગર, મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી.
- ✓ રાજકોટ T.R.P. ગેમઝોન જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી રાજ્યના ગૃહવિભાગે નવા નિયમો તૈયાર કર્યા. નાગરિકો 25 જૂન સુધી મંત્રાલયને મોકલી શકશે વાંધા – સૂચનો.
- ✓ રાજ્યભરની શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ.
- ✓ રાજ્યભરમાં આવેલી 556 I.T.I.ની 1.54 લાખ બેઠકો પર પ્રવેશ માટે નોંધણી માટેની તારીખ 30 જૂન સુધી લંબાવવામાં આવી.
- ✓ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ગત વર્ષથી અમલી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગેનો અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી સમગ્ર દેશની કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનશે.

## IMD AHMEDABAD

હવામાન વિભાગે ચક્રવાતના કારણે રાજ્યમાં આગામી સાત દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

જ્યારે આજે અમદાવાદ, ગાંધીનગર, મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે.

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, નવસારી જિલ્લામાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. રાત્રે બેથી સવારે 6 વાગ્યા સુધીમાં નવસારી, જલાલપોર, ચીખલી, ગણદેવી તાલુકાઓમાં હળવો વરસાદ નોંધાયો છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન બનાસકાંઠાના ડીસા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. જ્યારે કંડલા એરપોર્ટ અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડિગ્રી, અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ સિવાયના તમામ જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઓછું રહ્યું હતું.

.................

## GAMEZONE NAVO KAYDO

રાજ્યના ગૃહ વિભાગે રાજકોટ T.R.P. ગેમઝોન દુર્ઘટના જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી "ધી ગુજરાત એમ્યુઝમેન્ટ રાઈડ્ઝ એન્ડ ગેમિંગ ઝોન એક્ટિવિટીઝ (સેફ્ટી) રૂલ્સ 2024" બનાવ્યા છે.

આ નિયમો અંગે કોઈ પણ નાગરિકે પોતાના વાંધા અને સૂચનો આગામી 25 જૂન સુધીમાં ગૃહવિભાગના ઈ-મેઈલ આઈડી home@gujarat.gov.in પર મોકલી આપવાના રહેશે.

*(ખૂબ કરૂણ બનાવ ગુજરાત રાજ્યમાં બન્યો અને એ બનાવની ગંભીરતા અને સાથે કરૂણતા જોતા જે પણ કોઈ કસૂરવાર હશે જેના સામે જે પ્રકારની કાર્યવાહી કરવાની હશે તો તે કરવા માટે સરકાર બિલકુલ કટિબદ્ધ છે અને સખ્તમાં સખ્ત પગલાં લેવા માટે સરકારને ક્યાંય કોઈ પણ પ્રકારની હિચકિચાટ નથી. આ બાબતની અંદર સરકાર ખૂબ ગંભીરતાપૂર્વક આ કરૂણ અને ન બનવા જેવો બનાવ બન્યો છે. તેને સુઓમોટો જાતે કરીને પણ ભવિષ્યની અંદર જ્યાં આગળ વસતિ કે, જેવા કે, મૉલ્સ છે, હૉસ્પિટલ છે. આ તમામે તમામ બાબત એ કાયદાઓમાં પણ જરૂર પડે ત્યાં સુધારોવધારો કરી અને એમાં કાર્યવાહી કરવાની દિશામાં સરકાર આગળ વધી.)*

.................

## New academic session

રાજ્યભરની 54 હજારથી વધુ શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. 35 દિવસના ઉનાળું વેકેશન બાદ આજથી શાળાઓ ફરીથી શરૂ થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી 27થી 29 જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

.................

## ITI

રાજ્યભરમાં આવેલી 556 ઔદ્યોગિક તાલીમ સંસ્થાની 1.54 લાખ બેઠકો પર પ્રવેશ માટે નોંધણી કરાવવાની તારીખ 30 જૂન સુધી લંબાવવામાં આવી છે.

અગાઉ નોંધણી માટેની અંતિમ તારીખ 13 જૂન એટલે કે આજ સુધીની હતી જે લંબાવીને 30 જૂન કરવામાં આવી છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## OEGENIC FARMING COURSE

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ગત વર્ષથી અમલી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગેનો અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી સમગ્ર દેશની કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનવા જઈ રહ્યો છે.

આ માટેની સૌ પ્રથમ બેઠક ગાંધીનગરના રાજભવન ખાતે યોજાઈ હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં દેશના 12 વૈજ્ઞાનિકો દ્વારા આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. હવે આ અભ્યાસક્રમ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા દેશની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનાવવામાં આવ્યો છે. આ અભ્યાસ

અંતર્ગત પ્રાકૃતિક કૃષિવિજ્ઞાન અને જીવામૃત, બીજામૃત, જંતુનાશકો જેવા મુખ્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

.................

## Halol and Amreli natural farming college

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી સાથે સંલગ્ન પંચમહાલના હાલોલ અને અમરેલીની કોલેજોમાં નેચરલ ફાર્મિંગ કૉલેજમાં 50–50 વિદ્યાર્થીઓની ક્ષમતામાં પ્રવેશ માટેની પ્રક્રિયા ચાલી રહી છે.

આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહમાં જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બૉર્ડ અથવા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત અન્ય બૉર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી આવશ્યક છે.

તદઉપરાંત આ વર્ષની ગુજકેટ પરીક્ષા પણ પાસ કરેલી હોવી જોઈએ. નેચરલ ફાર્મિંગમાં પ્રવેશ માટે બી ગૃપના થિઅરી વિષયોના કુલ ગુણના 60 ટકા અને ગુજકેટમાં મેળવેલા કુલ ગુણના 40 ટકાના આધારે યાદી તૈયાર કરવામાં આવશે અને તેના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીમાં ગત વર્ષથી M.S.C. નેચરલ ફાર્મિંગનો અભ્યાસક્રમ પણ શરૂ થયો છે. ઉપરાંત ડિપ્લોમા અને Ph.D નેચરલ ફાર્મિંગના અભ્યાસક્રમો તૈયાર કરવાની કામગીરી પણ ચાલી રહી છે.

હાલોલની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક ભોજન સાથેની હૉસ્ટેલની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

.................

## Yoga camp

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીની અધ્યક્ષતામાં ગઇકાલે અમદાવાદ ખાતે '૭ ડે ટુ ગૉ કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ શિબિર' યોજાઇ હતી.

"સ્વયં અને સમાજ માટે યોગ"ની વિષયવસ્તુ સાથે યોજાયેલી શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી શીશપાલજીએ જણાવ્યું કે યોગ દ્વારા આપણે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને વધુ સારું કરીને સમાજને સકારાત્મક દિશામાં લઈ જઈ શકીએ છીએ. આ શિબિરમાં બે હજારથી વધુ યોગ કોચ, યોગ ટ્રેનર અને યોગસાધકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા “ગુજરાત રાજય યોગ બોર્ડ"ની રચના કરવામાં આવી છે. યોગ બોર્ડનો હેતુ સમગ્ર ગુજરાતમાં યોગનો વ્યાપ વધે, નાગરિકો યોગ કરતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ અંગેનો માહોલ બને તેમજ નાગરિકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા પ્રોત્સાહિત કરવાનો છે.

.................

## YOGA DAY

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા 66 શાળાઓમાં યોગ સ્પર્ધા સહિત 108 યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજથી 21 જૂન દરમ્યાન જિલ્લામાં યોગ સપ્તાહની ઉજવણી અંતર્ગત આ કાર્યક્રમો યોજાશે.

આરોગ્ય અધિકારી દ્વારા દવાખાનાની આસપાસના વિસ્તારોમાં અંદાજીત 4 યોગ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં યુવાનો, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, આશા-આંગણવાડી વર્કરો, સામાન્ય નાગરિકોને જોડવામાં આવશે. ઉપરાંત વડોદરા જિલ્લામાં કાર્યરત 14 આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે યોગ સપ્તાહનું આયોજન કરાયું છે. જેમાં સૂક્ષ્મક્રિયા, સૂર્ય નમસ્કાર, આસનો, પ્રાણાયામ તથા વિશિષ્ટ આસનોની સ્પર્ધા અને ઇનામ વિતરણ જેવા કાર્યક્રમો યોજાશે.

તો આ તરફ જામનગરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે યોગ મહિલા સશક્તિકરણ શિબિરનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સરકાર મહિલા કર્મચારીઓ માટે યોગ શિબિર યોજાશે.

.................

## BHAVNAGAR YOG DIVAS

ભાવનગરના કલેક્ટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે સમીક્ષા કરવા બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ, નગરપાલિકા તેમ જ ગ્રામ્યકક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય. ધાર્મિક, ઐતિહાસિક સ્થળોએ પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે. તેમ જ જિલ્લાની શૈક્ષણિક તેમ જ અન્ય વિવિધ સામાજિક સંસ્થાઓ અને લોકો પણ સ્વૈચ્છિક રીતે આ આયોજનમાં જોડાય તે રીતે કાર્યક્રમનું આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. શહેરી વિસ્તારોમાં 16થી 20 જૂન દરમિયાન શહેરના મુખ્ય સ્થળો પર યોગના વિવિધ કાર્યક્રમો યોજાય તે માટે પણ યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવ્યું હતું.

.................

## SAPUTARA

સાપુતારા ઘાટ માર્ગ પર અટવાયેલા વરિષ્ઠ વયના પ્રવાસીઓને નોટિફાઇડ એરિયા કચેરી દ્વારા સુરક્ષિત રીતે સાપુતારા પહોંચાડવામાં આવ્યા હતા.

ડાંગના અમારાં પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, ગઇકાલે સાંજે સાપુતારાથી પાંચ કિલોમીટર દૂર ઘાટ માર્ગ પર મહારાષ્ટ્રના વરિષ્ઠ વયના પ્રવાસીઓને લઈ જઈ રહેલી બસ ખોટકાતાં પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. આ માહિતી મળતા જ નોટિફાઈડ એરિયા કચેરીના કર્મચારીઓએ સ્થળ પર પહોંચી, તમામ વરિષ્ઠ નાગરિકોને સુરક્ષિત રીતે સાપુતારા પહોંચાડી ટ્રાફિકને પૂર્વવર્ત કર્યો હતો.

.................